# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-04-2024 સવાર : 7.45 થી 7.55

વાર : રવિવાર

## આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

***************************************************

- લોકસભા સામાન્ય ચૂંટણીના આગામી તબક્કાઓ માટે ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે.
- લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.
- દેશના મુખ્ય ન્યાયમૂર્તિ ડૉ. ડી.વાય.ચંદ્રચુડે કહ્યું છે કે, નવા ફોજદારી કાયદાનો અમલ સ્પષ્ટપણે દર્શાવે છે કે, દેશ બદલાઈ રહ્યો છે અને આગળ વધી રહ્યો છે.
- મહાવીર જયંતિની આજે પરંપરાગત ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.
- IPL ક્રિકેટમાં આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તથા પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મુકાબલો થશે.

***************************************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SECOND PHASE ELECTION

લોકસભા સામાન્ય ચૂંટણીના આગામી તબક્કાઓ માટે ચૂંટણી પ્રચાર વેગવાન બન્યો છે. તમામ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ અને સ્ટાર પ્રચારકો મતદારોને રીઝવવા દેશભરમાં અનેક રેલીઓ યોજી રહ્યા છે. બીજા તબક્કાના પ્રચાર માટે માત્ર ચાર દિવસ બાકી છે ત્યારે નેતાઓ મતદારોને રિજવવા એડી ચોંટીનું જોર લગાવી રહ્યા છે.

આ તબક્કામાં કેરળમાં લોકસભાની તમામ 20 બેઠકો, કર્ણાટકની 28માંથી 14, રાજસ્થાનની બાકીની 13 બેઠકો, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આઠ-આઠ બેઠકો, મધ્ય પ્રદેશની સાત બેઠકો, મધ્યપ્રદેશમાં પાંચ-પાંચ બેઠકો આસામ અને બિહાર, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ત્રણ-ત્રણ અને ત્રિપુરા અને જમ્મુ અને કાશ્મીરમાં એક-એક બેઠક મતદાન થશે. પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ ગઈકાલે મહારાષ્ટ્રના નાંદેડ અને પરભણી અને કર્ણાટકના ચિક્કાબલ્લાપુર અને બેંગલુરુમાં ચૂંટણી રેલીઓને સંબોધી હતી.

ઉત્તર પ્રદેશના મથુરામાં જનસભાને સંબોધતા ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું કે, આ વખતે ઉત્તર પ્રદેશની જનતા તમામ 80 બેઠકો પર ભાજપને વિજયી બનાવશે. કોંગ્રેસ, મહાસચિવ પ્રિયંકા ગાંધીએ એરિયડ ખાતે એક સભાને સંબોધિત કરી હતી તથા પથનમથિટ્ટામાં જાહેર સભામાં પણ ભાગ લીધો હતો.

અમરોહામાં એક રેલીમાં બોલતા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું કે જો I.N.D.I.A. ગઠબંધન સરકાર બનશે તો ખેડૂતોની લોન માફ થશે.

....................................

# YOGI ROAD SHOW RAJASTHAN

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારક યોગી આદિત્યનાથે લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગઇકાલે બીજી વખત રાજસ્થાનમાં રોડ-શો યોજ્યા હતા. યોગી આદિત્યનાથે બીજેપીના પ્રદેશ અધ્યક્ષ અને પાર્ટીના ઉમેદવાર સીપી જોશી અને કેન્દ્રીય જલ શક્તિમંત્રી અને ભાજપના ઉમેદવાર ગજેન્દ્રસિંહ શેખાવતની તરફેણમાં ચિત્તોડગઢ અને જોધપુરમાં આ રોડ-શો યોજ્યા હતા. તેમણે રાજસમંદમાં એક જાહેર સભાને પણ સંબોધિત કરી હતી. ઉલ્લેખનીય છે કે, રાજસ્થાનની બાકીની 13 બેઠકો પર બીજા તબક્કામાં 26 એપ્રિલે ચૂંટણી લડવામાં આવશે. બાકીના તબક્કામાં 7, 13, 20 અને 25મી મે અને પહેલી જૂને મતદાન થશે.

....................................

# THRESS PHASE ELECTION

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 સંસદીય બેઠકો માટે આગામી મહિનાની 7મી તારીખે મતદાન થશે.

આવતીકાલે ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે. ગુજરાતમાં લોકસભા સાથે પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે પણ ઉમેદવારીફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન, લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ તબક્કામાં, 96 સંસદીય બેઠકો નવ રાજ્યોમાં ફેલાયેલી છે અને જમ્મુ અને કાશ્મીરના યુટીમાં 13મી મેના રોજ મતદાન થશે. આ તબક્કા માટે આ મહિનાની 25મી તારીખ સુધી ઉમેદવારી દાખલ કરી શકાશે.

……………………………

# MP-NOMINATIONS

મધ્યપ્રદેશમાં ગઈકાલે લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે 9 સંસદીય મતવિસ્તારોમાં મળેલા ઉમેદવારી પત્રોની ચકાસણી બાદ 140 ઉમેદવારોના નામાંકન પત્રો માન્ય જણાયા છે. જ્યારે 13 ઉમેદવારોના ઉમેદવારીપત્રો નામંજૂર થયા હતા.

બીજી તરફ ચોથા તબક્કા માટે ગઈકાલે ત્રીજા દિવસે છ ઉમેદવારોએ 9 ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. આ તબક્કામાં અત્યાર સુધીમાં 17 ઉમેદવારોએ 25 ઉમેદવારી પત્રો ભર્યા છે.

……………………………

# SAMAJWADI PARTY MLA RESIGNS

મહારાષ્ટ્રમાં સમાજવાદી પાર્ટીના ભિવંડી પૂર્વના ધારાસભ્ય રઈસ શેખે ગઈકાલે ધારાસભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. રઈસ શેખે જણાવ્યું હતું કે, છેલ્લા 1 વર્ષમાં તેમણે સતત તેમની ચિંતાઓ પાર્ટી સમક્ષ રજૂ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, સતત પ્રયાસો છતાં તેમના પ્રશ્નો ઉકેલાયા નથી.

.................................

# PM-INTERVIEW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈ જેવી કેન્દ્રીય એજન્સીઓને સ્વતંત્ર રીતે કામ કરવાની છૂટ હોવી જોઈએ અને સરકાર અને રાજકારણીઓએ તેમની કામગીરીમાં દખલ ન કરવી જોઈએ.

એક ખાનગી ન્યૂઝ ચેનલ સાથેની મુલાકાત દરમિયાન, કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગના આરોપો અંગેના પ્રશ્નના જવાબમાં, શ્રી મોદીએ કહ્યું કે, તેઓ ફક્ત તેમનું કામ કરી રહ્યા છે અને પ્રધાનમંત્રી તરીકે પણ તેમને EDના કામમાં દખલ કરવાનો કોઈ અધિકાર નથી. શ્રી મોદીએ કહ્યું કે, જો ED અને CBI તેમનું કામ ન કરે તો સવાલો ઉઠાવવા જોઈએ.

.................................

# SC _CJI

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ ડૉ. ડી.વાય.ચંદ્રચુડે કહ્યું છે કે, નવા ફોજદારી કાયદાનો અમલ સ્પષ્ટપણે દર્શાવે છે કે, દેશ બદલાઈ રહ્યો છે અને આગળ વધી રહ્યો છે. નવી દિલ્હીમાં ગઈકાલે એક સંમેલનને સંબોધતા ડૉ. ચંદ્રચુડે જણાવ્યું હતું કે ભારતીય ન્યાયિક સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય પુરાવા અધિનિયમનું અમલીકરણ દર્શાવે છે કે, દેશ તેના ફોજદારી ન્યાયમાં નોંધપાત્ર ફેરફારો કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે, આ કાયદાઓએ ભારતના કાયદાકીય માળખાને ફોજદારી ન્યાય તરફના નવા યુગમાં પરિવર્તિત કર્યા છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-AIનો ઉપયોગ કરવા પર ભાર મૂકતા ડૉ.ચંદ્રચુડે કહ્યું કે ગુનાહિત તપાસના કેસોમાં એઆઈની મદદથી ન્યાયતંત્રને તપાસની પ્રગતિમાં મદદ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે, આ તમામ નવા કાયદા ત્યારે જ સફળ થશે જ્યારે દેશનો દરેક નાગરિક તેને અપનાવશે.

કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું કે 21મી સદીમાં નવા ફોજદારી કાયદાનો અમલ એ ઐતિહાસિક પગલું છે. આ કાયદાઓમાં ઓનલાઈન તપાસ અને ઈ-ફાઈલિંગ જેવી વિશેષ જોગવાઈઓ પણ સામેલ છે..

...................................

# MALDIVES ELECTION

માલદીવની સંસદ પીપલ્સ મજલિસમાં આજે મતદાન યોજાઈ રહ્યું છે. ચોથી બહુપક્ષીય સંસદીય ચૂંટણીઓમાં, દ્વીપસમૂહ રાષ્ટ્ર 93 મતવિસ્તારોમાં 368 ઉમેદવારોમાંથી પ્રતિનિધિઓને ચૂંટશે. વિદેશમાં 3 મતદાન મથકો સહિત 602 મતદાન મથકો પર 2.8 લાખથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

....................................

# BJP CANDIDATE- DEATH

ઉત્તર પ્રદેશની મુરાદાબાદ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર કુંવર સર્વેશસિંહનું ગઈકાલે નવીદિલ્હીની એઈમ્સ હોસ્પિટલમાં અવસાન થયું છે. તેઓ કેટલાક સમયથી અસ્વસ્થ હતા. લોકસભાચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન ગઈકાલે મુરાદાબાદ મતવિસ્તારમાં મતદાન થયું હતું. તેઓ વર્ષ 2014માં મુરાદાબાદથી સાંસદ તરીકે ચૂંટાયા હતા.

....................................

# ED - FOREX TRADING APP

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ OctaFx ટ્રેડિંગ એપ અને વેબસાઈટના રોકાણકારોને 500 કરોડ રૂપિયાની છેતરપિંડી કરતી મની લોન્ડરિંગની તપાસમાં મુંબઈમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

EDએ આંતરરાષ્ટ્રીય દલાલો અને વેપારીઓને સંડોવતા વિદેશી વિનિમય વેપાર કૌભાંડમાં વિવિધ ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા હતા. જપ્ત કરેલી સંપત્તિમાં ક્રિપ્ટોકરન્સી, બેંક બેલેન્સ અને કુલ 35 કરોડ રૂપિયાના સોનાના સિક્કાનો સમાવેશ થાય છે.

………………………………

# Mahavir Jayanthi

મહાવીર જયંતિની આજે પરંપરાગત ધાર્મિકઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસર એ જૈન ધર્મના અનુયાયીઓ જૈન મંદિરોની મુલાકાત લેશે અને પૂજા - પ્રાર્થના કરશે.

વિવિધ સ્થળે  ભગવાન મહાવીરની ધાર્મિક શોભાયાત્રા પણ યોજાશે પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવનું ઉદ્ઘાટન કરશે.  શ્રી મોદી એક સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડશે અને સભાને સંબોધશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મહાવીર જયંતિ નિમિત્તે નાગરિકોને ખાસ કરીને જૈન સમુદાયને શુભેચ્છા પાઠવી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, આ તહેવાર આપણને પ્રેમ અને શાંતિનો સંદેશ આપે છે. તેમણે કહ્યું કે, આ પ્રસંગે

આપણે સમાજમાં પ્રેમ અને સંવાદિતા ફેલાવવાની અને રાષ્ટ્રના વિકાસ માટે સમર્પણ સાથે કામ કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ.

....................................

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે પ્રથમ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે અને બીજી મેચમાં, પંજાબ કિંગ્સનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સાથે થશે.

દરમિયાન ગઇકાલે રાત્રે સનરાઈઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સને 67 રનથી હરાવ્યું હતું. 267 રનના વિજય લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હીની ટીમ 19.1 ઓવરમાં 199 રનમાં ઓલઆઉટ થઈગઈ હતી. દિલ્હી માટે જેક ફ્રેઝર-મેકગર્કે 18 બોલમાં શાનદાર 65 રનનું યોગદાન આપ્યું હતું.

આ પહેલા સનરાઈઝર્સ હૈદરાબાદે નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 266 રન બનાવ્યા હતા. ઓપનર, ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ હૈદરાબાદને T20 ઈતિહાસમાં અત્યાર સુધીના સૌથી વધુ પાવર પ્લે ટોટલ એટલે કે, પ્રથમ છ ઓવરમાં 125 રન બનાવ્યા હતા. હેડે માત્ર 32 બોલમાં 89 રન બનાવ્યા હતા જ્યારે અભિષેક શર્માએ માત્ર 12 બોલમાં 46 રન બનાવ્યા હતા. ટ્રેવિસ હેડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

....................................